નવી સેવા ૨૦૧૫–૧૬

રાજ્યની માલમિલકતની સુરક્ષાના હેતુસર નવું રાજ્ય અનામત પોલીસ દળ જુથ–૨૦ ઉભુ કરવા બાબત.

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
ઠરાવ ક્રમાંક : મહક/૧૦૨૦૧૪/૨૧૦૪/સ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૧૬/૬/૨૦૧૫

**વંચાણમાં લીધા :–**

૧ પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો તા.૧૦/૧૨/૨૦૧૪ નો પત્ર ક્રમાંક : ઈ.૨/૧૫૩૬/નવી સેવા/૨૦૧૫–૧૬/૨૩૮૬/૧૪

૨ અધિક પોલીસ મહાનિદેશકશ્રી(હથિયારી એકમો), ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો તા.૫/૧૨/૨૦૧૪ નો પત્ર ક્રમાંક : ક.૨//વહટ/નવી સેવા/૩૮૨૩/૧૪

૩ વર્ષ ૨૦૧૫–૧૬ નું અંદાજપત્ર પ્રકાશન નં.૧૨ પાના નં.૧૭૭–૧૭૮

૪ પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો તા.૧/૪/૨૦૧૫ નો પત્ર ક્રમાંક : ઈ/૧૫૩૬/નવી સેવા/૨૦૧૫–૧૬/૯૦૭/૨૦૧૫

૫ ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તા.૨૫/૬//૨૦૧૪ નો પત્ર ક્રમાંક : પીજીવી/૨૦૧૩/૨૨૦૩/ક.૧

**ઠ રા વ :–**

રાજયમાં હાલ કુલ–૧૯ એસ.આર.પી. બટાલીયનો કાર્યરત છે. વધુમાં, આ ૧૯ પૈકીની એક બટાલીયન કેન્દ્ર સરકારની એજન્સી એવી ઓ.એન.જી.સી. ને તથા એક બટાલીયન રાજયના સરદાર સરોવર નર્મદા નિગમને પેમેન્ટના ધોરણે એમ.ઓ.યુ. કરીને પૂરી પાડવામાં આવેલી છે. જયારે એક બટાલીયન ખાસ, મરીન ટાસ્ક માટે મંજુર કરવામાં આવેલી છે. છેલ્લા કેટલાક સમયથી, સરકારશ્રીના કેટલાક વિભાગો ધ્વારા તેમના ક્રીટીકલ ઈન્ફ્રાસ્ટ્રકચરની સુરક્ષા અને સલામતિ માટે પેમેન્ટના ધોરણે સ્ટેટ રીઝર્વ પોલીસ ફોર્સ ફાળવી આપવા માટેની માગણીઓ થતી રહેલ છે. આ સંદર્ભમાં, રાજયની માલ મિલકતોની સુરક્ષા અને સલામતિના હેતુસર વધુ એક બટાલીયન ઉભી કરવાનું સરકારશ્રીની વિચારણા હેઠળ હતું. સબબ, વર્ષ ૨૦૧૫–૧૬ માં રાજયની માલ મિલકતોની સુરક્ષાના હેતુસર એક નવી એસ.આર.પી.એફ. બટાલીયન આથી મંજુર કરવામાં આવે છે. પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય ધ્વારા આ માટેની નવી સેવાને વર્ષ ૨૦૧૫–૧૬ ના અંદાજપત્રમાં સમાવવા માટેની દરખાસ્ત કરવામાં આવેલ હતી. આ દરખાસ્ત અન્વયે સંદર્ભ–૩ ની વિગતે અંદાજપત્રમાં આવર્તક ખર્ચ

રૂ.૫૦,૦૦,૦૦૦ -ની પ્રારંભિક જોગવાઈ કરી નવું રાજ્ય અનામત પોલીસદળનું એક જુથ ઉભુ કરવા માટે કુલ–૧૨૦૦ જગ્યાઓનું મહેકમ મંજુર કરવામાં આવેલ છે.

ઉક્ત બજેટ જોગવાઈને વહીવટી મંજુરી આપવા સંદર્ભ ૪ ના પત્રથી પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીએ દરખાસ્ત કરેલ છે. પુખ્ત વિચારણાને અંતે રાજય અનામત પોલીસ દળ જુથ–૨૦ ઉભુ કરવાની આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે તથા આ સાથે સામેલ અનુસુચિ–૧ અને અનુસુચિ–૨ મુજબનું કુલ–૧૨૦૦ જગ્યાઓનું મહેકમ નીચેની શરતોને આધીન આથી મંજુર કરવામાં આવે છે.

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણા વિભાગ ધ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મયાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રિય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો–વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) વર્ગ–૧ અને વર્ગ–૨ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ અનુસાર ઠરાવેલ રેશીયો મુજબ ભરવા કાર્યવાહી કરવાની રહેશે.

(૮) વર્ગ–૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ અને સામાન્ય વહીવટ વિભાગના તા.૪/૬/૨૦૦૯ ના ઠરાવથી અમલી બનેલ ફીકસ પગારની નીતિ અને તેમાં વખતો વખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૯) જે તે જગ્યાઓના પગાર–ધોરણો આર.ઓ.પી.–૨૦૦૯ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની રહેશે.

(૧૦) સીધી ભરતીથી નિમણુંક પામનાર ઉમેદવારને નિયમિત નિમણુંક મળ્યા બાદ નાણા વિભાગના તા.૧૮/૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંક : નપન/૨૦૦૩/જીઓઆઈ/૧૦ (પા.ફા.)ની જોગવાઈ પ્રમાણે રાજય સરકાર ઘ્વારા તા.૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

(૧૧) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

(૧૨) આ જગ્યાઓની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

(૧૩) કોમ્પ્યટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઈએ.

(૧૪) રાજય સરકાર ઘ્વારા વખતો વખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૫) આ નવી મંજુર કરેલ જગ્યાઓ જે તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવે છે. ત્યાર બાદ જગ્યાઓ વખતો વખત ચાલુ રાખવાની થાય તો પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીએ જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદત પૂરી થતા પહેલાંના એક માસ અગાઉ રજુ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજુરી મેળવી લેવાની રહેશે.

(૧૬) વાહનની ખરીદી બંદર અને વાહન વ્યવહાર વિભાગના તા.૨૪/૯/૨૦૦૮ ના ઠરાવ ક્રમાંક : જીટીએસ/૧૦૨૦૦૬/યુઓ–૮/ઘ ની જોગવાઈ અને શરતોને અનુસરીને જે તે નાણાકીય વર્ષ દરમિયાન કરવાની રહેશે.

(૧૭) બંદર અને વાહન વ્યવહાર વિભાગ ઘ્વારા નિયત કરવામાં આવેલ નીતિ અનુસાર જ વાહન ખરીદવાનું રશહેશે. તે સિવાયનું વાહન ખરીદવાનું રહેશે નહી.

(૧૮) નવા વાહનની ખરીદી કન્ડમ વાહન સામે કરવાની હોય તો કન્ડમ કરેલ વાહનની નિયત પ્રક્રીયા અનુસાર જાહેર હરાજી કરી ઉપજેલ રકમ સત્વરે સરકારમાં જમા કરાવવાની રહેશે.

(૧૯) બંદરો અને વાહન વ્યવહાર વિભાગના તા.૨૪/[illegible]/૨૦૦૮ ના ઠરાવ પ્રમાણે ખરીદેલ વાહનને પેટ્રોલ સંચાલિત હોય તો તેને સીએનજીમાં રૂપાંતર કરાવવાની વિભાગની જવાબદારી રહેશે.

(૨૦) આ મંજુરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજય સરકારની પ્રવર્તમાન ખરીદ નીતિની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨૧) આઈ.ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો વખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨૨) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ ના ઠરાવ ક્રમાંક : એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઈ–ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું તથા તે અંગેની વખતો–વખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ નવી ઉભી થતી બટાલીયન/તેની અંશતઃ કંપનીઓ જે વિભાગના કામકાજ માટે ફાળવવાનું મંજુર થશે, તેને અનુલક્ષીને બટાલીયનનું મુખ્ય મથક હવે પછી નકકી કરવામાં આવશે.

આ નવી એસ.આર.પી. બટાલીયન ઉભી કરવા માટે થનાર ખર્ચ "મુખ્ય સદર ૨૦૫૫ પોલીસ, ગૌણ સદર ૧૦૯–જિલ્લા પોલીસ, પેટા સદર 02-MEP-7 રાજય અનામત પોલીસ દળ" ખાતે ઉધારવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રી અને નાણા વિભાગની અનુક્રમે તા.૩૦/૧/૨૦૧૫ અને તા.૧૮/૪/૨૦૧૫ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એ.બી. ગોસાઈ)
સેકશન અધિકારી
ગૃહ વિભાગ

પ્રતિ,

- માન.રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર ધ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૨, સચિવાલય, ગાંધીનગર
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર

- અધિક પોલીસ મહાનિદેશકશ્રી( હથિયારી એકમો), ગુજરાત રાજય ,ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી( વહીવટ ), ગુજરાત રાજય ,ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી( ટેકનીકલ સેવાઓ ), ગુજરાત રાજય ,ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સંયુકત સચિવશ્રી(ક.ગ.), (કા.અને વ્ય.), ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાયબ સચિવશ્રી(બજેટ), ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(ગૃહ)નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા વિભાગ/ઝ.૧–શાખા,સચિવાલય,ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી,ગુજરાત રાજય, રાજકોટ/અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- સ્થાનિક તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી, બ, અ, વ, ટ, લ અને બજેટ–શાખા, ગૃહ વિભાગ સચિવાલય ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી, આઈ.ટી. સેલ, ગૃહ વિભાગ, ગૃહ વિભાગની વેબ સાઈટ ઉપર હુકમ મુકવાની વિનંતી સાથે
- શાખા સીલેકટ ફાઈલ
- વર્ષ ૨૦૧૫–૧૬ ની નવી બાબતની સિલેકટ ફાઈલ.

ગૃહ વિભાગના તા.૧૬.૩.૨૦૧૫ના ઠરાવ ક્રમાંક : મહક ૧૦૨૦૧૪ ૨૧૦૮ સ. સાથેનું બિડાણ :–

<u>અનુસૂચિ–૧</u>

## ફીક્સ પગારથી ભરવાની જગ્યાઓ

| અ. નં. | જગ્યાનું નામ | સંખ્યા | નિયત પગાર ધોરણ | ગ્રેડ પે |
|---|---|---|---|---|
| ૧ | આર્મ્ડ પોલીસ સબ ઈન્સ્પેકટર (એમટીઓ/બેન્ડ સહિત) | ૨૫ | ૯૩૦૦–૩૪૮૦૦ (ફીકસ પગાર – ૧૩૭૦૦) | ૪૪૦૦ |
| ૨ | પોલીસ સબ ઈન્સ્પેકટર (વાયરલેસ) | ૮ | ૯૩૦૦–૩૪૮૦૦ (ફીકસ પગાર – ૧૩૭૦૦) | ૪૪૦૦ |
| ૩ | આર્મ્ડ પોલીસ કોન્સ્ટેબલ (લોક રક્ષક)(બેન્ડ, આર્મરર, એમ.ટી. સહિત) | ૮૪૭ | ૫૨૦૦–૨૦૨૦૦ (ફીકસ પગાર – ૭૮૦૦) | ૧૮૦૦ |
| ૪ | સુથાર ગ્રેડ–૩ | ૧ | ૫૨૦૦–૨૦૨૦૦ (ફીકસ પગાર – ૭૮૦૦) | ૨૪૦૦ |
| ૫ | ગુજરાતી સ્ટેનો ગ્રેડ–૨ | ૧ | ૯૩૦૦–૩૪૮૦૦ (ફીકસ પગાર – ૧૩૭૦૦) | ૪૨૦૦ |
| ૬ | જુનીયર કલાર્ક | ૭ | ૫૨૦૦–૨૦૨૦૦ (ફીકસ પગાર – ૭૮૦૦) | ૧૯૦૦ |
| ૭ | અંગ્રેજી ટાઈપીસ્ટ | ૧ | ૫૨૦૦–૨૦૨૦૦ (ફીકસ પગાર – ૭૮૦૦) | ૧૯૦૦ |
| ૮ | ગુજરાતી ટાઈપીસ્ટ | ૧ | ૫૨૦૦–૨૦૨૦૦ (ફીકસ પગાર – ૭૮૦૦) | ૧૯૦૦ |
| ૯ | રેડીયો ટેકનીશીયન | ૧ | ૫૨૦૦–૨૦૨૦૦ (ફીકસ પગાર – ૭૮૦૦) | ૨૮૦૦ |
| ૧૦ | રેડીયો ઓપરેટર | ૧૦ | ૫૨૦૦–૨૦૨૦૦ (ફીકસ પગાર – ૭૮૦૦) | ૨૮૦૦ |
| ૧૧ | ઈલેકટ્રીશીયન ગ્રેડ–૨ (એમ.ટી.) | ૧ | ૫૨૦૦–૨૦૨૦૦ (ફીકસ પગાર – ૭૮૦૦) | ૨૮૦૦ |
| ૧૨ | ઈલેકટ્રીશીયન ગ્રેડ–૧ (વાયરલેસ) | ૧ | ૫૨૦૦–૨૦૨૦૦ (ફીકસ પગાર – ૭૮૦૦) | ૨૮૦૦ |
| ૧૩ | દરજી | ૨ | ૪૪૪૦–૭૪૪૦ (ફીકસ પગાર ૭૧૦૦) | ૧૬૫૦ |
| ૧૪ | મોચી | ૩ | ૪૪૪૦–૭૪૪૦ (ફીકસ પગાર ૭૧૦૦) | ૧૩૦૦ |
| ૧૫ | રસોયા(કૂક) | ૨૪ | ૪૪૪૦–૭૪૪૦ (ફીકસ પગાર ૭૧૦૦) | ૧૩૦૦ |
| ૧૬ | હજામ | ૭ | ૪૪૪૦–૭૪૪૦ (ફીકસ પગાર ૭૧૦૦) | ૧૩૦૦ |
| ૧૭ | ધોબી | ૭ | ૪૪૪૦–૭૪૪૦ (ફીકસ પગાર ૭૧૦૦) | ૧૩૦૦ |
| ૧૬ | સફાઈ કામદાર | ૧૭ | ૪૪૪૦–૭૪૪૦ (ફીકસ પગાર ૭૧૦૦) | ૧૩૦૦ |
| ૧૮ | ભોજનાલય નોકર | ૧૪ | ૪૪૪૦–૭૪૪૦ (ફીકસ પગાર ૭૧૦૦) | ૧૩૦૦ |
| ૧૯ | પટાવાળા | ૪ | ૪૪૪૦–૭૪૪૦ (ફીકસ પગાર ૭૧૦૦) | ૧૩૦૦ |
| ૨૦ | પાણીવાળા | ૧ | ૪૪૪૦–૭૪૪૦ (ફીકસ પગાર ૭૧૦૦) | ૧૩૦૦ |
| ૨૧ | કહાર | ૧ | ૪૪૪૦–૭૪૪૦ (ફીકસ પગાર ૭૧૦૦) | ૧૩૦૦ |
| ૨૨ | જુનીયર ફાર્માસીસ્ટ | ૧ | ૫૨૦૦–૨૦૨૦૦ (ફીકસ પગાર ૭૮૦૦) | ૧૯૦૦ |
| ૨૩ | નર્સ | ૧ | ૫૨૦૦–૨૦૨૦૦ (ફીકસ પગાર ૭૮૦૦) | ૨૮૦૦ |
| | કુલ : | ૯૮૬ | | |

(એ.બી. ગોસાઈ)
સેકશન અધિકારી
ગૃહ વિભાગ

ગૃહ વિભાગના તા.૧૬-૬-૨૦૧૫ના ઠરાવ ક્રમાંક : મહક/૧૦૨૦૧૪/૨૧૦૪/સ. સાથેનું બિડાણ :–

## અનુસૂચિ - ૨

## પુરા પગારથી ભરવાની જગ્યાઓ

| અ.નં | જગ્યાનું નામ | સંખ્યા | નિયત પગાર ધોરણ |
|---|---|---|---|
| ૧ | સેનાપતિ વર્ગ–૧ | ૧ | ૧૫૬૦૦–૩૯૧૦૦ ગ્રેડ પે ૬૬૦૦ |
| ૨ | હથિયારી નાયબ પોલીસ અધિક્ષક વર્ગ–૧ (આસીસ્ટંટ કમાન્ડન્ટ/બી.કયુ.એમ./એડજયુડન્ટ) | ૩ | ૧૫૬૦૦–૩૯૧૦૦ ગ્રેડ પે ૫૪૦૦ |
| ૩ | આર્મ્ડ પોલીસ ઈન્સ્પેકટર(વાયરલેસ સહિત) | ૭ | ૯૩૦૦–૩૪૮૦૦ ગ્રેડ પે ૪૬૦૦ |
| ૪ | આર્મ્ડ મદદનીશ સબ ઈન્સ્પેકટર (બેન્ડ/આર્મરર/એમ.ટી. સહિત) | ૯૫ | ૫૨૦૦–૨૦૨૦૦ ગ્રેડ પે ૨૪૦૦ |
| ૫ | આર્મ્ડ હેડ કોન્સ્ટેબલ (બેન્ડ/આર્મરર/એમ.ટી. સહિત) | ૯૭ | ૫૨૦૦–૨૦૨૦૦ ગ્રેડ પે ૨૦૦૦ |
| ૬ | મેડીકલ ઓફીસર | ૧ | ૧૫૬૦૦–૩૯૧૦૦ ગ્રેડ પે ૫૪૦૦ |
| ૭ | કચેરી અધિક્ષક | ૧ | ૯૩૦૦–૩૪૮૦૦ ગ્રેડ પે ૪૪૦૦ |
| ૮ | હેડ કલાર્ક | ૩ | ૯૩૦૦–૩૪૮૦૦ ગ્રેડ પે ૪૨૦૦ |
| ૯ | સીનીયર કલાર્ક | ૬ | ૫૨૦૦–૨૦૨૦૦ ગ્રેડ પે ૨૪૦૦ |
| | કુલ : | ૨૧૪ | |

(એ.બી. ગોસાઈ)
સેકશન અધિકારી
ગૃહ વિભાગ